માડ઼ની લોકકથા



GUJARATI

# શિયાળ અને મોર

પુનર્લેખન: પ્રભાત

ચિત્રો: મયૂખ ઘોષ



Big Little Book Award Winning Author

एकलव्य

## માડની લોકકથા

રાજસ્થાનના કરૌલી જિલ્લાના ગંગાપુર, બામનવાસ અને નાદૌતીના ગ્રામવિસ્તારને માડ઼ તરીકે ઓળખવામાં આવે છે. આ કાળી માટીનાં ખેતરોવાળો, સુક્કો વિસ્તાર છે. ભારતભરનાં ગામડાંની જેમ આ વિસ્તારમાં પણ લોકસાહિત્યની સમૃદ્ધ પરંપરા છે. અહીં લોકકથાઓ, લોકગાથાઓ અને પૌરાણિક વાર્તાઓને અખાડામાં ગાઈને સંભળાવવામાં આવે છે. લોકકથાઓ પર આધારિત લોકગીતોના ગાયનની અનેક શૈલીઓ પણ અહીં પ્રચલિત છે જે કન્હૈયા, પદ, હેલાખ્યાલ, સુડ્ડા વગેરે નામથી ઓળખાય છે.

માડ઼ની લોકકથાઓમાં હોય છે માડ઼નાં ઝાડ. ઝાડ પર માડ઼નાં પંખી. દૂર-દૂર પાણી ભરવા જતી ઘાઘરી–પોલકાં પહેરેલ માડ઼ની સ્ત્રીઓ અને છોકરીઓ. કાળાં ખેતરમાં કામ કરતાં માડ઼ના લોકો અને આખી આખી રાત ચાલતાં માડ઼ના વંટોળિયા. માડ઼ની લોકકથાઓમાં માડ઼ની ધરતીની વાણી સંભળાય છે.



માડ઼ની લોકકથા

# શિયાળ અને મોર

પુનર્લેખન: પ્રભાત

ભાષાંતર: બંસી

ચિત્રો: મયૂખ ઘોષ

एकलव्य ARCH

શિયાળ અને મોર
SHIYAAL ANE MOR


પુનર્લેખન: પ્રભાત
ગુજરાતી ભાષાંતર: બંસી
સંપાદકીય સહયોગ: મહેન્દ્ર ચોટલિયા, આર્ચ ટીમ
ચિત્રો: મયૂખ ઘોષ
ડિઝાઈન: કનક શશી

મૂળ એકલવ્ય દ્વારા પ્રકાશિત હિન્દી વાર્તા 'सियार और मोर' નું ગુજરાતી ભાષાંતર.
Gujarati translation of story 'Siyar aur Mor' published in Hindi by Eklavya.



વાર્તા: પ્રભાત, જાન્યુઆરી 2019
ગુજરાતી ભાષાંતર: એકલવ્ય ફાઉન્ડેશન, ફેબ્રુઆરી 2024

આ પુસ્તક ક્રિએટિવ કૉમન્સના Attribution-Non-commercial-No Derivatives 4.0 International (CC BY-NC-ND) લાયસન્સ અંતર્ગત છે, જેનું સંપૂર્ણ વિવરણ https://creativecommons.org/licenses/by-nc-nd/4.0/ પર ઉપલબ્ધ છે. ક્રિએટિવ કૉમન્સ લાયસન્સ અંતર્ગત આ વાર્તાનો બિન-ધંધાકીય શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરી શકાશે. ઉપયોગ કરનારે મૂળ સ્રોત તરીકે લેખક, ચિત્રકાર તથા પ્રકાશકનો ઉલ્લેખ કરવો તથા તેમને સૂચિત કરવા આવશ્યક છે. અન્ય કોઈ પણ પ્રકારના ઉપયોગ માટે પ્રકાશકનો સંપર્ક કરવો.

© ચિત્રો: મયૂખ ઘોષ, જાન્યુઆરી 2019




પ્રથમ સંસ્કરણ: ફેબ્રુઆરી 2024 / 1000 નકલ
કાગળ: 100 gsm મૅપલીથો અને 220 gsm પેપર બોર્ડ (પૂઠું)
ISBN: 978-81-19771-46-2
કિંમત: ₹ 90.00

સહપ્રકાશક:
**એકલવ્ય ફાઉન્ડેશન** (Eklavya Foundation)
જમનાલાલ બજાજ પરિસર, જાટખેડી,
ભોપાલ - 462 026 (મધ્ય પ્રદેશ)
ફોન: +91 755 - 297 7770, 71, 72
www.eklavya.in

**આર્ચ** (ARCH)
નગારિયા, ધરમપુર.
વલસાડ - 396 050 (ગુજરાત)
ફોન: +91 98256 51341
ઈમેલ: arch.dharampur@gmail.com

મુદ્રક: આર કે સિક્યુપ્રિન્ટ પ્રા. લિ., ભોપાલ, ફોન +91 755 268 7589






શિયાળ અને મોર વર્ષોથી એક જ જંગલમાં રહેતા હતા. પણ બંને મિત્રો તો હજુ ગઈકાલે જ બન્યા હતા. અને આજની આ વાત છે.

શિયાળે મોરને કહ્યું, "બહુ ભૂખ લાગી છે, યાર. ચાલને કંઈક મસ્ત બનાવીને ખાઈએ." "મસ્તમાં તો શું આવે? હમ્મ... ચાલ, દાલ-બાટી બનાવીએ." થોડું વિચારીને મોર બોલ્યો. શિયાળને પણ આ વાત ગમી ગઈ.

બંને જંગલમાંથી લાકડાં ગોતી લાવ્યા. વાસણ, લોટ, દાળ અને બહુ બધા મસાલા લઈ આવ્યા. પછી પથ્થર ગોઠવીને ચૂલો બનાવ્યો. ચૂલો પેટાવી, એના પર હાંડલી-એક દાળ ચડાવી અને ચૂલાની રાખમાં પૂરી બાર બાટી દબાવી દીધી. જોતાવેંત દાલ-બાટી તૈયાર!

હવે ખાલી જમવા બેસવાની વાર હતી. ત્યાં વળી મોર આડો ઊતર્યો, "અરે એક મિનિટ! હું નાહ્યા વિના નથી જમતો. હમણાં જ નદીએ નહાઈ આવું, જરાય વાર નહીં લાગે." અને શિયાળ કંઈ બોલે એ પહેલાં તો મોર છૂમંતર થઈ ગયો.





આ બાજુ જંગલમાં ઝાડવાંમાંથી થઈને આવતો પવન દાલ-બાટીની સોડમ ચારેકોર ફેલાવી રહ્યો હતો. શિયાળ સામે લિજ્જતદાર ખાણું તૈયાર હતું. તે મનોમન બોલ્યો, 'જે આવી તૈયાર વાનગી મૂકીને નહાવા જતો રહે, તેનું શું ઠેકાણું કે ક્યારે પાછો આવે... તેની પાછળ હું શું કામ ભૂખ્યો રહું?' આવો વિચાર આવે પછી ખાવામાં કંઈ વાર લાગતી હશે?

એક બાટી, બે બાટી, ચાર બાટી, છ બાટી... શિયાળનું પેટ ભરાઈ ગયું પણ મન નહીં. તે બારે બાર બાટી ચાઉં કરી ગયો અને હાંડલી-એક દાળ પણ ગટકાવી ગયો. તેનું પેટ ફૂલીને પખાલ થઈ ગયું. થયું તો ભલે થયું, એમ વિચારીને શિયાળ ત્યાં જ છાંયડો શોધીને આડો પડ્યો.

મોર આવ્યો. એણે જોયું કે અહીં તો કંઈક જુદો જ માહોલ છે. દાળની હાંડલી ખાલી છે. રાખ વેરાયેલી છે અને દાળ કે બાટીનું નામોનિશાન ન મળે! આ જોઈને મોરનું લોહી ઊકળી ઊઠ્યું, મોઢું લાલઘૂમ થઈ ગયું. તે કડક અવાજે બોલ્યો, "એય શિયાળવા, ઊઠ! આપણી દાલ-બાટી ક્યાં છે?"

“અકળાય છે શેનો? ભૂખ લાગી‘તી તે ખાઈ ગયો.” શિયાળે સૂતાં સૂતાં જ જવાબ આપ્યો.

મોરનું ધગધગતું લોહી હવે આખા શરીરમાં દોડવા માંડ્યું. એ ત્રાડ પાડીને બોલ્યો, “એમ કેમ ખાઈ ગયો તું, હેં? બધું તેં એકલાએ બનાવ્યું હતું? ...અને ખાધું તો ખાધું, મારા ભાગનું તો રાખવું જોઈએ ને?”

શિયાળ બોલ્યો, “તો લે, હવે હું તને જ ખાઈ જાઉં. નહીં તને ભૂખ લાગે, નહીં તું કકળાટ કરીને તારો ભાગ માંગે.”

આ સાંભળીને મોરના હોશકોશ ઊડી ગયા. જરા ઢીલા અવાજે બોલ્યો, “એયય... જો ફરી આવી વાત કરી છે ને તો...”

પણ મોરનું વાક્ય પૂરું થાય તે પહેલાં જ શિયાળે એક ઝપાટો માર્યો અને મોરને ખાઈ ગયો. ખાધો તો ન કહેવાય, આખેઆખો ગળી જ ગયો સમજોને.

હવે શિયાળનું પેટ ફૂલીને તુંબડું થઈ ગયું... એની આંખોમાં હવે ઊંઘ ક્યાં, અને જીવને નિરાંત ક્યાં! એ તો પૂરેપૂરો જંગલી બની ગયો હતો. તેણે ‘હૂકી હૂ...’ ત્રાડ પાડી, ને ફલાંગ ભરતો ઝાડીમાં અલોપ થઈ ગયો.





શિયાળ થોડે જ દૂર ગયો હશે કે તેને સુકાયેલું છાણ વીણતી ડોશી દેખાઇ. શિયાળ દૂરથી જ ખિજાઈને બોલ્યો, “એય ડોશી, હટી જજે મારા રસ્તામાંથી!”




ડોશી બોલી, “એય શિયાળવા, હાલતો થા! હમણાં સૂંડલો મારીશ ને તો જઈશ હૂક-હૂક કરતો. આવ્યો મોટો ‘હટી જજે’વાળો.”

શિયાળ વધુ છાતી કાઢીને બોલ્યો, “ડોશી, તને ખબર નથી કે હું કોણ છું...”

“અરે, તારી તો મને બધીય ખબર છે. સાંજ પડ્યે હૂંવા–હૂંવા કરીને રોવાવાળો શિયાળિયો જ છે ને તું?”





"ના ડોશી! ખબર ના હોય તો સાંભળી લે,
હું એ છું જેણે–

બાર બાર બાટી ખાધી
એક હાંડલી દાળ પીધી
એક મૂરખો મોર ખાધો

અને હજુ બડબડ કરીશ તો તને પણ ખાઈ જઈશ. જો આમ..." એમ કહીને તે ડોશીને પણ ખાઈ ગયો.

હવે તો તેનું પેટ ફૂલીને ગાગર થઈ ગયું. ગાગર જેવડું પેટ લઈને તે જંગલમાં આગળ ચાલ્યો. આગળ પેલું મળ્યું, પેલું... શું કહેવાય એને?

"વાછરડું!"

હા... તેને એક વાછરડું મળ્યું.

વાછરડાને જોતાં જ ખિજવાઈને શિયાળ બોલ્યો –

"એય વાછડા,
તું માને છે ખુદને તગડો
એટલે રોકે છે મારો રસ્તો?"

વાછરડાએ નરમ થઈને કહ્યું, "ભાઈસાબ, હું રસ્તામાં તમને ક્યાં આડો આવું છું! હું તો મેદાનમાં ઘાસ ચરું છું."

શિયાળ ઘૂરક્યો, "લાગે છે, તને ખબર નથી કે હું કોણ છું!"

વાછરડાએ કહ્યું, "આપને સારી રીતે જાણું છું, ભાઈસાબ. આપ ગીદડ છો, ગીદડ. મહાબીકણ. તમારા પરથી જ પેલી કહેવત 'ગીદડ ધમકી' બની છે. અને હા, રોજ સાંજે આપ હૂંવા-હૂંવા કરીને રડો પણ છો."



શિયાળે ડોળા કાઢીને કહ્યું, “ના! નથી ખબર તો હવે જાણી લે,

હું એ છું જેણે–

બાર બાર બાટી ખાધી


એક હાંડલી દાળ પીધી

એક મૂરખો મોર ખાધો

છાણાં વીણતી ડોશી ખાધી

અને હવે મને લાગે છે કે વાછડાં હોય છે જ દુષ્ટ. એટલે હું તને પણ ખાઈ જઈશ.” એમ કહીને તે ઘાસ ચરતા વાછરડાને પણ ખાઈ ગયો.

હવે તો તેનું પેટ ફૂલીને પીપડું થઈ ગયું. શિયાળ જંગલમાં આગળ ચાલ્યો. ચાલતો ગયો, ચાલતો ગયો... તો તેને કોણ મળ્યું?





“રીંછ!”

સાચું! આગળ તેને રીંછ મળ્યો. રીંછને જોતાવેંત તે ઘૂરક્યો,

“એય રીંછ,
હોય ભલે તું કાલુ
કે કાલુનો ભાઈ ચાલુ,
ખાલી કર મારો રસ્તો...”

રીંછે કહ્યું, “હું ક્યાં તારા રસ્તામાં છું? ઊલટાનો તું જ મારા રસ્તામાં ચાલ્યો આવે છે.”

શિયાળે કહ્યું, “કદાચ તું જાણતો નથી કે હું કોણ છું.”


રીંછ બોલ્યો,
“ગીદડ છે તું ગીદડ, ભાઈ
રોજ સાંજે તું ધૂંધવાય,
એટલે માંડો છો રોવા
મળીને સૌ હૂંવા-હૂંવા”



શિયાળે કહ્યું, “ના.....! હું એ છું જેણે–

બાર બાર બાટી ખાધી
એક હાંડલી દાળ પીધી
એક મૂરખો મોર ખાધો
છાણાં વીણતી ડોશી ખાધી
ઘાસ ચરતું વાછડું ખાધું

અને તું બહુ કવિતા લલકારે છે, એમ ને? એટલે હું તને પણ ખાઈ જવાનો.” એમ કહીને શિયાળ રીંછને પણ ખાઈ ગયો.





હવે તો તેનું પેટ ફૂલીને ઢમઢોલ થઈ ગયું. ચાલતાં ચાલતાં તે હાથીઓના જંગલમાં પહોંચી ગયો. બધા હાથી કૂણા કૂણા વાંસ ખાતાં હતાં, અને મસ્તી કરતાં હતાં. શિયાળે એક હાથીને કહ્યું –

"એય હાથી,

હોય તું ગમે તેનો સાથી


ફેર મને કોઈ પડતો નથી."

હાથીએ કહ્યું, "શું બોલ્યો તું?"

"બોલ્યો એ કે: બચ્ચુ, તને ખબર નથી હું કોણ છું."

મલકીને હાથી બોલ્યો, "આ તો થયું ઊલટું! હાથી સામે રોફ કરે છે તું, હાથી સામે? ભાઈ ગીદડ, અમારી સામે તો તું કીડી પણ નથી!"





આ સાંભળીને શિયાળ લાલચોળ થઈ ગયો,
“એ.....ય હાથીડા! હું એ છું જેણે–

બાર બાર બાટી ખાધી
એક હાંડલી દાળ પીધી
એક મૂરખો મોર ખાધો
છાણાં વીણતી ડોશી ખાધી
ઘાસ ચરતું વાછડું ખાધું
કવિતા કરતો રીંછ ખાધો

અને તું પણ બહુ બોલે છે એટલે લે, તનેય ખાઈ જાઉં!” એમ કહીને એ હાથીને પણ ઓહિયાં કરી ગયો. હવે તો તેનું પેટ ફૂલીને પાંજરું થઈ ગયું.



આગળ જંગલમાં હવે રહ્યું જ કોણ? એક વાઘ બાકી હતો, તે પણ મળી ગયો. વાઘ કોઈ વાઘની જેમ જ ડોલતો ડોલતો આ બાજુ આવી રહ્યો હતો.

તેને જોઈને તરત જ શિયાળ બોલ્યો,

"એય વાઘજી,

તારી બનાવી નાખીશ સબ્જી!"

વાઘ બોલ્યો, "શું બહુ હોંશિયારી ઠોકે છે! હમણાં એક પંજો મારીશ ને તો તારી પિદુડી નીકળી જશે!"

શિયાળ બોલ્યો, "અરે તને ખબર નથી કે હું કોણ છું!"

"એ જાણીને મારે કરવું છે પણ શું?" એમ બોલતાં વાઘ ચાલતો રહ્યો.

શિયાળે ત્રાડ પાડી, "ના.....! હું એ છું જેણે–

બાર બાર બાટી ખાધી

એક હાંડલી દાળ પીધી

એક મૂરખો મોર ખાધો


છાણાં વીણતી ડોશી ખાધી

ઘાસ ચરતું વાછડું ખાધું


કવિતા કરતો રીંછ ખાધો

હાથીદળનો હાથી ખાધો

અને તું બહુ વાઘ થવા જાય છે, એમ? લે, તનેય બતાવી દઉં કે હું છું શું!" એમ કહીને તે રસ્તે ચાલતા વાઘને પણ ખાઈ ગયો.



હવે તો તેનું પેટ ફૂલીને તંબુ જ થઈ ગયું. તેને એક એક ડગલું ભરવું ભારે પડતું હતું. નદી તેની સામે જ હતી તોય માંડ માંડ તે નદી સુધી પહોંચી શક્યો. એકીશ્વાસે શિયાળ નદીનું બધું જ પાણી પી ગયો. અરે આકાશમાં ઊડતાં પહેલાં કોઈ રૉકેટ જેટલું ઇંધણ ભરે એ તો આની સામે કંઈ ન કહેવાય- એટલું પાણી! તમને કહું કે નદીમાં માછલી, મગર-જગર જે હતું, એ બધાં સહિત તે આખીયે નદી પી ગયો! હવે તેનું પેટ ફૂલીને, શું કહીએ... કેવડું થઈ ગયું? કહેવું હોય તો એમ કહેવાય કે ફૂલીને એક ટાપુ જેવડું થઈ ગયું.






હવે તે દૂર પેલા વાદળોના છાંયડામાં જઈને ઊંઘવા માંગતો હતો. પણ ચાલવું કેવી રીતે? જરા નમીને એક જ ડગલું ભર્યું ત્યાં તો ધડામ....ધબ! જાણે કોઈ મોટો ભૂકંપ આવ્યો હોય તેવા ધડાકા સાથે તે ભોંય ભેગો થઈ ગયો. તેનું તોસ્તાન પેટ ફાટી ગયું. તેમાંથી નીકળી નીકળીને બધુંય પોતપોતાનાં ઠેકાણે ભાગવા માંડ્યું.

તમને તો ખબર જ છે કે કોણ–કોણ અને શું–શું ભાગ્યું. ચાલો, ગણાવો–



બાર બાર બાટી ભાગી
એક હાંડલી દાળ ભાગી
એક મૂરખો મોર ભાગ્યો
છાણાં વીણતી ડોશી ભાગી
ઘાસ ચરતું વાછડું ભાગ્યું
કવિતા કરતો રીંછ ભાગ્યો
હાથીદળનો હાથી ભાગ્યો
રસ્તે ચાલતો વાઘ ભાગ્યો
નદીનું બધુંય પાણી ભાગ્યું...





ફાટેલું પેટ લઈને શિયાળ ધરતી પર પડ્યો હતો. ત્યારે જ ક્યાંકથી ઊડતો ઊડતો દરજીડો આવ્યો. તે તણખલાં ગૂંથીને પોતાનો માળો બનાવે. તેને સીવતાં આવડે. તેને થયું કે, 'લાવને બિચારાનું પેટ સીવી દઉં.' તેણે સર સર સરરરર કરતાં શિયાળનું પેટ સીવી દીધું.




શિયાળ સીવેલું નાનકડું પેટ લઈને બેઠો થયો.

હવે તે કોઈ ભોળો મોર શોધતો હતો, કે જેની સાથે તે જમવાનું બનાવી શકે. તે ફરી જંગલ ભણી ચાલી પડ્યો, તેને ફરી ભોળો મોર મળી ગયો. અને... અને... ફરી બધું એનું એ જ થવા માંડ્યું.

દિવસ પછી રાત થાય છે ને રાત પછી દિવસ. પરંતુ શિયાળની આ વાર્તા ક્યારેય પૂરી થતી...

## પ્રભાત

રાજસ્થાનના કરૌલી જિલ્લામાં જન્મ. શિક્ષણક્ષેત્રમાં સ્વતંત્ર કાર્ય. બાળકો માટે ગીતો, વાર્તાઓ, કવિતાઓ અને નાટકોનાં વીસથી પણ વધુ પુસ્તકો પ્રકાશિત. *યુવા કવિતા સમય* સમ્માન 2012 અને *સર્જનાત્મક સાહિત્ય પુરસ્કાર* 2010.

## મયૂખ ઘોષ

કોલકતાના મયૂખ ઘોષને પ્રવાસ કરવાનો શોખ છે, અને એ દરમ્યાન તેમની સ્કેચબુક હંમેશા તેમની સાથે રહે છે. મયૂખે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, બરોડાથી વિઝ્યુઅલ આર્ટ્સમાં સ્નાતક અને રિયાઝ ઍકેડેમી, ભોપાલથી ઇલસ્ટ્રેશનનો કોર્સ કર્યો છે. હાલમાં તેઓ *રૂમ ટુ રીડ, એનસીઈઆરટી, કરાડી ટેલ્સ અને મનન બુક્સ* જેવા પ્રકાશકો સાથે કામ કરી રહ્યા છે.

શિયાળ અને મોરની દોસ્તીથી

શરુ થયેલી આ વાર્તામાં,

ડોશી, રીંછ અને વાછરડાનો સામનો થાય છે શિયાળ સાથે.

પછી તો દિવસની થાય રાત

કે રાતનો થાય દિવસ

શિયાળની આ વાર્તા ક્યારેય પૂરી થતી...

કિંમત: ₹ 90.00

9 788119 771462

एकलव्य

ARCH

